# દાંતા રાજ્યની રાજ્ય વ્યવસ્થા

## (1885-1945)

મેહુલ ઉ. ઠાકોર,સાદરા
એમ.એ.,એમ.ફીલ.(ઈતિહાસ)

- **રાજ્ય તંત્ર**

દાંતા રાજ્યના રાજ્યનો ઇતિહાસ પણ મહારાજા વિક્રમાદિત્ય સાથે જોડાયેલો છે. દાંતા સ્ટેટના રાજવીઓનો ઇતિહાસ 2063 વર્ષ પુરાણો છે. મહારાજા વિક્રમાદિત્યનાં રાજ્યનો વિસ્તાર પણ આખા ભારતખંડમાં તે સમયે ફેલાયલો છે.

વહિવટી વિસ્તાર

દાંતા રાજ્યનાં પ્રથમ સ્થાપક શ્રી જસરાજસિંહ હતા. તેમનાં ઉત્તરાધિકારી શ્રી કેદારસિંહજી હતા. તે સમયે તેમણે દાંતા રાજ્યનો વિસ્તાર તેમણે વધાર્યો હતો. ઇ.સ. 1700માં ઉત્તર તરફનો ભાગ સાંતપુર (આબુરોડ) સુધીનો વિસ્તાર દાંતા રાજ્યમાં આવતો હતો. ત્યારબાદ સિરોહી રાજ્યની સરહદ હતી. કોટડા છાવણી સુધીનો ભાગ હતો. દક્ષિણ તરફ ખેડબ્રહ્મા તે સમયે દાંતા રાજ્યનો જ એક ભાગ હતો. પછી જ ઇડર રાજ્યની શરૂઆત થતી હતી. સુદાસણા, ગઢવાડા, થાણા અને ખેરાલુ વગેરે દાંતા રાજ્યનો એક ભાગ હતો. પશ્ચિમ તરફ મોટા રણ સુધી મુમનવાસથી પાલનપુર તરફ નવાબ રાજ્યની સરહદ હતી. દાંતા રાજ્ય એક સમૃદ્ર રાજ્ય હતું. મહારાણા કેદારસિંહજીની દાંતા રાજ્યનો વિસ્તાર વધારવામાં મહત્વની ભૂમિકા રહી હતી.

ઇ.સ. 1812 અગાઉ દાંતા રાજ્ય મોગલ સૂબાના તાબામાં રહ્યું હતું. તા. 01-04-1812 થી આ સ્ટેટ બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું હતું. પોલીટીકલ એજન્ટ (વાઇસરોય)નું હેડ ક્વાર્ટર સાદરા મહીકાંઠાની એજન્સીમાં હતું. તા. 01-04-1934 થી આ રાજ્ય જયપુર રાજપુતાનાની એજન્સીમાં મુકવામાં આવ્યું હતું. તે સમયે પોલીટીકલ એજન્ટનો હેડ ક્વાર્ટર તે સમયે માઉન્ટ આબુ હતું. બ્રિટિશ એજન્ટને વાઇસરોટ તરીકે ઓળખતા હતા. દાંતા રાજ્યની દરેક પ્રકારના હુકમ આવકના વાઇસરોય દ્વારા આપવામાં આવતા હતા. 1

- **દાંતા રાજ્યના મહાલો**

દાંતા રાજ્યમાં કુલ 187 ગામનો સમાવેશ થતો. જેનાં વહીવટ માટે પાંચ ભાગમાં વહેંચવામાં આવ્યું હતું. જે નીચે મુજબના છે. જેને 'મહાલ' કહેવામાં આવતા હતાં.

- મોટા સડા મહાલ
- વિજલાસણ મહાલ
- હડાદ મહાલ
- અંબાજી મહાલ
- દાંતા મહાલ

દાંતા રાજ્યના પાંચ મહાલ નાવડાને માલગરી કહેવમાં આવતા હતા. આમ દાંતા રાજ્યમાં કુલ પાંચ મામલગરીઓ હતી. દરેક મહાલમાં 30 થી 35 ગામડાઓનો સમાવેશ કરવામાં આવતો હતો. દરેક મહાલનાં માલધારીઓને અલગ-અલગ પ્રકારની કામગીરીઓ આપવમાં આવતી. જેમાં મોટાભાગે જંગલવિસ્તારની કામગીરી , રેવન્યુ કામગીરી , કસ્ટમ કામગીરી, સ્ટેટસ વિભાગની કામગીરી અને બીજી મહારાજા સાહેબશ્રી જે કામગીરી સોંપે તે સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેતી. આ સંપૂર્ણ કામગીરીનું ધ્યાન મહારાજા સાહેબ રાખતા અને પ્રશ્નનો ઉદભવ થાય તેનું નિવારણ મહારાજ સાહેબશ્રી લાવતા હતા. આમ આ એક સુંદર વ્યવસ્થા હતી. એનો ઉલ્લેખ જાણવા મળે છે.

દાંતા રાજ્યનો વહીવટ માણકેશ્વર સાહેબ જેઓ બી.એ.એલ.એલ.બી હતાં. તેમણે આ વહીવટનું માળખું તૈયાર કરેલું. જેની ઓફિસ હજુર તરીકે ઓળખાતી હતી. આ ઓફિસ રાજમહેલની બાજુમાં આવેલી છે. 2

દાંતા રાજ્યમાં કાકા શ્રી મહોબતસિંહજીના સમયમાં અંગ્રેજી પદ્ધતિ મુજબની શરૂઆત કરનાર દાંતા રાજ્યના પ્રથમ દિવાનશ્રી ચતુરભુજ એમ. ભટ્ટ હતા. તેમજ દાંતા રાજ્યના તેઓ પ્રથમ મેજીસ્ટ્રેટ પણ હતા.

દાંતા રાજ્યમાં શ્રી ભટ્ટ મુંબઇ સ્ટેટમાં ઍડવોકેટ હતા. આ અગાઉ તેઓ મહારાણાશ્રી દોલતસિંહજીના સમયમાં ઇડર રાજ્યના મેજિસ્ટ્રેટ અને દિવાન તરીકે હોદ્દા ઉપર રહી ચૂક્યા હતા. પરંતુ રાજકીય ખટપટને કારણે ઇડર રાજ્યમાંથી રાજીનામું આપી દાંતા રાજ્યમાં તા. 01-04-1925 ના રોજ દાંતા રાજ્યના પ્રથમ દિવાન અને મેજિસ્ટ્રેટનો હોદ્દો સંભાળ્યો હતો. તેમના રાજ્યનો વહીવટ જુની પ્રણાદિકા મુજબ ચાલતો હતો. શ્રી ભટ્ટ સાહેબ અંગ્રેજી પદ્ધતિ મુજબ કાયદા કાનૂન દાંતા રાજ્યમાં દાખલ કર્યા હતા. તેઓશ્રી કુશળ રાજનીતિજ્ઞ વહીવટકર્તા હતા. તેઓ ઇડર રાજ્યમાં આવેલ બગેલી ગામના વતની હતા. દાંતા રાજ્યમાં એક ક્રાંતિકારી વહીવટની શરૂઆત કરી હતી. આમ તેમના સમય દરમ્યાન દાંતા સ્ટેટમાં નવા યુગની શરૂઆત થઇ ચૂકી હતી. શ્રી ભટ્ટ સાહેબ દાંતા રાજ્યમાં તા. 01-04-1922 થી તા. 31-03-1932 સુધીના

10 વર્ષના સમયગાળા સુધી તેઓ મેજિસ્ટ્રેટ અને દિવનના હોદ્દા ઉપર રહ્યા હતા. ત્યારબાદ તેમની નાદુરસ્ત તબિયતના કારણે પોતાના હોદ્દા ઉપરથી સ્વેચ્છાએ નિવૃત થયા હતા. તે સમયે દાંતા રાજ્ય તેમના વહીવટ માટે શ્રી ભટ્ટના આભારી હતું. દાંતા રાજ્યમાં ક્રાંતિકારી સુધારો કરનાર શ્રી ભટ્ટ પ્રથમ દિવાન અને રાજ્યના મેજિસ્ટ્રેટ હતા.

- ત્યારબાદ તેમની જગ્યાએ મુંબઇ રાજ્યમાંથી ગવર્નમેન્ટમાંથી ડેપ્યુટી કમિશ્નર હોદ્દા ઉપરથી અધિકારીશ્રી રામપ્રતાપ બાપાલાલ દિવાને હતા. ત્યારબાદ રાજ્યમાં ઘણાં મેજિસ્ટ્રેટ બદલ્યા હતા. પરંતુ દિવાનનો હોદ્દો ન હતો. 3

દાંતા રાજ્ના વહીવટી માળખા પર નજર કરીએ તો મહારાજા સાહેબશ્રી રાજ્યના વહીવટી વ્યવસ્થાનું કામગીરી સોંપેલી.

- **મહેસૂલ વિભાગ**

દાંતા રાજ્યની મોટાભાગની પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી હતો. જીવનનિર્વાહનો આધાર ખેતી પર હતો. ખેતીવાડી એ દાંતા રાજ્યની જીવાદોરી સમાન હતી. દાંતા રાજવીઓના શાસન દમિયાન જમીન મહેસૂલ તરફ સમગ્ર વહીવટતંત્ર ધ્યાન આપતું હતું. જમીન મહેસૂલનની નીતિનો મુખ્ય ઉદ્દેશ રાજ્યની આવકનો વધારો કરવાનો હતો. 4

- **રેવન્યુ વસુલાત**

દાંતા રાજ્યની રેવન્યુ વસુલાત માટે સાહેબશ્રીએ તલાટી એટલે કે કલતરુની નિમણુંક કરેલી . આમ, દાંતા રાજ્યમાં કુલ બે કલતરુ રાખવામાં આવેલા. રાજ્યમાં પાકેલા ધાન્યમાંથી વજે લેવામા આવતી હતી. જેમાં પાકેલા પાકનો પાંચમો કે છઠ્ઠો ભાગ રાજ્ય લેતું. કલતરુ સાથે ગામના પટેલ, પટેલના નીચે સટેલ અને ગામના મુખી એને બીજા ગામના ચાર – પાંચ આગેવાનો જોઇને વસુલાત લેતા. આ વસુલાત બળદગાડા મારફતે રાજ્યના કોઠારોમાં પહોંચાડવામાં આવતા. આ અનાજનાં સંગ્રહ માટે કોઠારો કે જેમાં હજારો મણ અનાજનો સંગ્રહ થઇ શકે તેવા મોટા હતા. ત્રણેય ઋતુમાં કલતરુ તાલુકોના ગામડાઓમાંથી અનાજ ઉઘરાવી દાંતા રાજ્યના મહારાજા સાહેબશ્રીના કોઠારોમાં મોકલતા. કલતરું તથા બીજા અમલદારોને અનાજના રૂપમાં પગાર આપવામાં આવતું. જેને વસૂલપેટીંયુ કહેવામાં આવતું.
મહારાજાના ખાનગી નોકરોના દાંતા રાજ્યમાં પચાસ થી સો ઘર હતા. રાજમહેલની આજુબાજુ તેમના નિવાસસ્થાનો આવેલા છે અને આ ખાનગી નોકરોના ભરણ – પોષણ માટે રાજ્યના મહેસૂલ વિભાગમાંથી તેમને અનાજ અને જરૂરિયાત ચીજવસ્તુઓ આપવમાં આવતી.

- **દાંતા રાજ્યની વહીવટી ઓફિસો**

દાંતા રાજ્યમાં મહારાજા સાહેબશ્રીએ વહીવટી ઓફિસો માટે રાજમહેલની બાજુમાં હજૂર બનાવી હતી. તેમાં નીચે મુજબના ઓફિસના ભાગ પાડ્યા હતા.

- દિવાની ઓફિસ
- રેવન્યુ ઓફિસ
- નાયબ દિવાન ઓફિસ
- ડી.વાય.એસ.પી. ઓફિસ
- ફોરેસ્ટ ઓફિસ
- કસ્ટમ ઓફિસ

- **પોલીસતંત્ર**

કોઇપણ રાજ્યમાં આંતરિક શાંતિ માટે સુદ્રઢ પોલીસતંત્ર ખૂબ જ અનિવાર્ય છે. દાંતા રાજ્યમાં શાંતિ , સલામતી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસતંત્રની સારી વ્યવસ્થા કરેલી હતી. દાંતા રાજ્યમાં પાંચ ફોજદારોની નિમણુંક કરવામાં આવેલી અને તે પોતાની જવાબદારીઓ , કામગીરી પોત-પોતાના વિસ્તારોમાં બજાવતા હતા. દાંતા રાજ્યમા દરેક ફોજદાર પાસેથી પોલીસની ટૂકડી આપવામાં આવતી. આવા ફોજદારો દાંતા રાજ્યમાં પાંચ જગ્યાએ નિમવામાં આવ્યા હતા. 5

- દાંતા ફોજદાર
- અંબાજી ફોજદાર
- હડાદ ફોજદાર
- માંકડી ફોજદાર
- મોટસડા ફોજદાર

આ ફોજદારો પાસે પોતાના વિસ્તારની ફરજ બજાવવા માટે ઘોડાઓની વ્યવસ્થા દાંતા રાજ્ય તરફથી કરવામાં આવેલી અને તેઓના મહાલની કોઇપણ જાતનો ઝઘડો કે દંગા-ફસાદ ન થાય તેની કાળજી લેતાં.

- **પગાર વ્યવસ્થા**

દાંતા રાજ્યના માલગરીઓને માસિક રૂા. 30 થી 34 રૂપિયાનો સાફી પગાર આપવામાં આવતો. તેવી જ રીતે ફોજદારોને પણ 20 થી 25 રૂપિયાનો પગાર આપવામાં આવતો તથા પોલી કર્મચારીઓને રૂપિયા 7 નો પગાર આપવમાં આવતો. 6

- **દાંતા રાજ્યના નાકા (પ્રવેશદ્વાર)**

દાંતા રાજ્યમાં પ્રવેશવા માટે કુલ બે નાકા હતા. અંબાજીમાં એક પ્રવેશદ્વાર હતો અને બીજા મોટા સડામાં પ્રવેશદ્વાર હતો. આ સિવાય દાંતા રાજ્યમાં કોઇ પ્રવેશદ્વાર ન હતો. દાંતા રાજ્યમાં કોઇ બહારનો માણસ આવે તો તેની સંપૂર્ણ પૂછપરછ કરીને જ પ્રવેશ આપવમાં આવતો. તેની માહીતિની રજીસ્ટરમાં નોંધ કરવામાં આવતી.

- **ન્યાયતંત્ર**

દાંતા રાજ્મામાં ન્યાયની કામગીરી સારી થઇ શકે તે માટે ગુનાના પ્રકાર પ્રમાણે ત્રણ પ્રકારની અદાલતોની રચના કરવામાં આવી હતી. આ માટે કોર્ટ , ન્યાયધિશ, ન્યાયક્ષેત્ર દ્વારા કાયદા, નિયમો અને કાર્યવાહી અંગેનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. મહીકાંઠા એજન્સીનું દાંતા રાજ્ય પ્રથમ વર્ગનું રાજ્ય હોવાથી દિવાની અને ફોજદારી અત્યાચાર પણ પૂરો હતો. છતાં પોલીટીકલ એજન્ટની પરવાનગી વગર દાંતા રાજ્યની પ્રજાના ખૂનના ગુનાનો ન્યાય કરી શકતું નહી. દાંતા રાજ્યની ન્યાયનું માળખું નીચે મુજબ હતું.

- સેશન કોર્ટ
- મેજિસ્ટ્રેટ ઓફિસ
- સુપ્રિમ પાવર (મહારાણા)

- **જેલરની વ્યવસ્થા**

દાંતા રાજ્યમાં ગુનેગારો માટે જેલની વ્યવસ્થા તથા જેલરની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ જેલ રાજમહેલ રોડની બાજુમાં આવેલી છે.

- **ઉપસંહારઃ**

દાંતા રાજ્યમાં સર ભવાનીસિંહજીના સમયમાં બ્રિટિશ સરકારના કાયદાકાનૂન મુજબનો જ પધ્ધતિસરનો વહીવટ ચાલતો તેમજ રાજ્યના કારોબારમાં સરકારી દફતરોમાં ગવર્નમેન્ટમાં સેક્રેટરીઅલ કક્ષાના રીટાયર્ડ અનુભવી અદિકારી વહીવટ કરતા હતા. મહારાજા સાહેબ ખુદ એક

અનુભવી અને કુશળ વહીવટકર્તા હતા. તેઓશ્રી દરેકે દરેક ડિપાર્ટમેન્ટના વડા હતા. તેઓશ્રીની અલગ ઓફિસ હજૂર ઓફિસ તરીકે ઓળખાતી હતી. હજૂર ઓફિસમાં દરેક ખાતા આવી જતા હતા. ફાઇનલ ઓથોરિટી તરીકે સહી - સિક્કા માટે હજૂર ઓફિસમાં કાગળો આપવમાં આવતા. ત્યારબાદ અમલ કરવામાં આવતો. દરેક ડિપાર્ટમેન્ટ પર સુપ્રિમ ઓથોરીટી મહારાણાશ્રી સર ભવાનીસિંહની જ રહેતી હતી.

## પાદનોંધ

- વિ.પી.દવે, "અંબાજી મંદિરનો ધાર્મિક ઇતિહાસ દેવી ઉપાસક શ્રી મહારાણા સાહેબ શ્રી ભવાનીસિંહજીનો ઇતિહાસ દાંતા સ્ટેટ ," પેકેવેલ ઓફસેટ , હિમંતનગર પ્રથમ આવૃતિ 2007 પૃ. 60
- રૂબરૂ મુલાકાત, વજીરખાન પઠાણ (દાંતા રાજ્યન અધિકારી) તા. 11-01-2013
- પૂર્વોક્ત, વી.પી. દવે, પૃ. 64 (પાદટીપ ક્રમાંક 1)
- રૂબરૂ મુલાકાત, વજીરખાન પઠાણ (દાંતા રાજ્યન અધિકારી) તા. 11-01-2013
- રૂબરૂ મુલાકાત, શ્રી મધુસુદનશ્રીજી (બાવજી) (દાંતા રાજવીની વંશજ) તા. 15-06-2012
- પૂર્વોક્ત, વી.પી. દવે, ઉપરોક્ત પૃ. 70 (પાદટીપ ક્રમાંક 1)
- રૂબરૂ મુલાકાત, શ્રી મધુસુદનશ્રીજી (બાવજી) (દાંતા રાજવીની વંશજ) તા. 15-06-2012
- રૂબરૂ મુલાકાત, વજીરખાન પઠાણ (દાંતા રાજ્યન અધિકારી) તા. 11-01-2013